હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ... કલાકમાં જમાડીને પાછા લાવો તો પાંચસો રૂપિયા...

ગાંધીનગર આરોગ્ય કર્મચારીઓથી ઉભરાયું

ત્રણ માંગણીઓનો ૩૮ દિવસથી ઉકેલ આવ્યો નથી, આરોગ્ય કર્મચારીઓ તા.૨૦ સપ્ટેમ્બર સુધી રેલી ધરણા કાર્યક્રમ યોજશે

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં ચુંટણીના વાદળો ઘેરાયા છે. ત્યારે રાજકીય પક્ષોની ચહલ પહલ સાથે સરકારી કર્મચારીઓના વિવિધ સંગઠનોની ગતિવિધીઓ તેજ થઈ ગઈ છે. કર્મચારીઓ મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. જયારે કર્મચારીઓ વિધાનસભાનો ઘેરાવ કરવાના મુડમાં જણાયા હતા. જયારે કર્મચારીઓની હમારી માંગે પુરી કરો ના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

રાજયના પાટનગરમાં વિવિધ વિભાગના હજજારો કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે આવી રહ્યા છે. ત્યારે છેલ્લા ૩૮ દિવસથી ત્રણ માંગણીઓનો ઉકેલ ન આવતા આજે જુના સચિવાલયની સામે પંચાયત સેવાના આરોગ્ય વર્કર, અને ફિમેલ હેલ્થ સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. આરોગ્ય કર્મચારીઓની પડતર માંગણીઓનો હજુ સુધી નિકાલ સરકાર દ્વારા લાવવામાં આવ્યો નથી. ત્યારે આરોગ્ય કર્મચારીઓએ જયારે સમગ્ર વિસ્તારમાં પોલીસનો પહેરો ગોઠવી દેવાયો હતો. રાજયભરમાં પંચાયત આરોગ્ય સેવાના ૧૮ હજાર જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે. જેમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર, ફિમેલ હેલ્થ પાટનગરમાં લડતના મંડાણ શરુ કરી દીધા છે. કર્મચારીઓ દ્વારા આગામી તા.૨૦ સુધી આંદોલનની રણનિતી પણ તૈયાર કરી દેવામાં આવી છે. જેમાં કર્મચારીઓ વિધાનસભા અને સચિવાલય ઘેરાવ પણ કરે તેવી શકયતાઓ છે. આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ રણજીતસિંહ મોરીએ જણાવ્યું હતુ કે રાજય સરકાર વાતચીત કરીને માત્ર લોલીપોપ આપે છે. સરકાર દ્વારા સત્તાવાર નિર્ણય કરી તેનો જીઆર કે પરિપત્ર નહી કરે તો તમામ કર્ચમારીઓ સરકાર સામે ઉગ્ર આંદોલન કરશે. આજે સચિવાલય ઘેરવાનો કાર્યક્રમ ને પગલે મોટાભાગના કર્મચારીઓ ગાંધીનગર ખાતે ઉમટી પડ્યા હતા. જયારે તા.૧૬ ના રોજ ગાંધીનગર ખાતે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે તા.૧૭ કર્મચારીઓ પરિવાર સાથે રેલી અને ધરણા યોજશે. તા.૧૯ ના રોજ કર્મચારીઓ પરિવાર સાથે સચિવાલયનો ઘેરાવ કરશે. તા.૨૦ ના રોજ કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓનું નિરાકરણ નહી આવે તો આરોગ્ય વિભાગના ૧૮ હજાર કર્મચારીઓ ભુખ હડતાળ પર ઉતરશે. ત્યારે હવે સરકારને પણ કર્મચારીઓ મચક આપતા ન હોય તેમ લાગી રહ્યું છે અને હડતાલ વધુ ઉગ્ર બની રહી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે લિફ્ટમાં ટેકનીકલ ક્ષતિઓ ઉભી થતાં આખો દિવસ રિપેરીંગ ચાલ્યુ હતુ.

● કલેક્ટર કચેરીમાં પ્રાંત કચેરી અને મામલતદાર ઓફિસમાં આજે સુનાવણીઓ હોવાથી લોકોનો ધસારો વધુ જોવા મળ્યો હતો.

● આજે રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશનરે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લાઓની સમીક્ષા કરી હતી.

● જિલ્લા પંચાયત નજીક આરોગ્ય કર્મચારીઓએ કરેલા ચક્કાજામને પગલે ઘણા અધિકારીઓ અને કર્મચારીઓ ઓફિસમાં મોડા પહોંચ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો આજે ૩૧ ડિગ્રીએ પહોચ્યો હતો. જો કે વાદળછાયુ વાતાવરણ રહેતા લોકોએ થોડીક રાહત અનુભવી હતી

● આરોગ્ય કર્મયોગીઓ તેમજ કિસાન રેલીને પગલે ચાની લારીઓ અને નાસ્તા બજાર પર ઘરાકી વધી જામેલી જોવા મળી હતી.

● આંદોલન નગરમાં ફેરવાયેલા પાટનગરમાં આજે ભારે ઉકળાટને કારણે પાણીની બોટલોનું પણ ધૂમ વેચાણ થયું હતું.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.

● વધમાં પડેલા શિક્ષકોને મૂળ શાળામાં પરત જવા માટે આજે ખાસ કેમ્પ બી.આર.સી. ભવન ખાતે યોજાયો હતો.

● જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા ૧૭મીએ ડભોડા હનુમાન મંદિરે આયુષ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

● નીમા ફાઉન્ડેશન ઉપક્રમે નટુભાઈ પટેલ દ્વારા કાલરિયા હાઈસ્કૂલ સે. ૫-ડી (ગ-૩) પાસે નવરાત્રી આરોગ્ય મહોત્સવ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યુ છે. જે ૨૬-૯-૨૨ થી ૧-૧૦-૨૨ સુધી ચાલશે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૦૩ લાભાર્થીઓને કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૫

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા બુધવારના દિવસે શોભાસણ, સુનોક, ગડાદર તથા ખારી મુકામે ૧૦૩ લાભાર્થીઓને ૩ કિ.ગ્રા. ચોખા તથા ૫૦૦ ગ્રામ ગોળનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે તાવ બંધ થવાની ગોળીઓ તથા ચપ્પલ પણ આપ્યા હતા. સેવાકાર્યમાં મિલિંદભાઈ, નિખીલ ભટ્ટ, બકુલભાઈ તથા ભીમજીભાઈ સાથે રહ્યા હતા.

ઈશ્વરપુરા ગામમાં પોષણમાહ ૨૦૨૨ અંતર્ગત વાનગી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઈશ્વરપુરા ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા અને અરવિંદ ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય પોષણ માહ અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહભેર ૩૦ જેટલી મહિલાઓ અને ઈશ્વરપુરા શાળાની વિદ્યાર્થિનીઓ સહભાગી બની હતી. ભારત સરકારના કુપોષણ મુક્ત ભારતના સપનાને સાકાર કરવા પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ ૨૦૨૨ની ઉજવણી નિમિત્તે પરંપરાગત વાનગીઓ બનાવી વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

લીંબોદરા કલસ્ટર કક્ષાની આચાર્યની સંકલન બેઠક મળી

ગાંધીનગર, તા. ૧૫

કલોલ તાલુકાની લીંબોદરા કુમાર શાળા ખાતે લીંબોદરા કલસ્ટરની ૧૧ શાળાઓના આચાર્યોની સંકલન બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આવનાર સમયમાં યોજાવનાર ગણિત વિજ્ઞાન પ્રદર્શન, સત્રાંત કસોટી, એકમ કસોટી તેમજ બાળકોના લર્નિંગ લોસ ઘટાડવા માટે ઉપરાંત હાલમાં ચાલતા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. કલસ્ટરના કોઓર્ડીનેટર રાજુભાઈ પટેલ દ્વારા બાળકોના શૈક્ષણિક સ્તરના વિકાસ માટે શાળાકક્ષાએ યોગ્ય આયોજન કરવા માટે સુચારૂ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આજની આ બેઠક ખૂબ જ સકારાત્મક તેમજ વૈવિધ્યસભર રહી હતી.

સાદરા વિદ્યાપીઠ હોલમાં ચાઈલ્ડ લાઈન દ્વારા સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

સાદરા વિદ્યાપીઠ હોલમાં ચાઈલ્ડ લાઈન હેલ્પલાઈન દ્વારા યોજવામાં આવેલા સેમિનારમાં સંબોધન કરવામાં આવ્યું હતું. પોકસો, માનવ તસ્કરી, આને પિડીત વળતર વિશે જાણકારી આપવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટરની વિવિધ કામગીરી, ૧૦૯૮ હેલ્પલાઈન વિશે જાણકારી આપવામાં આવી હતી.

શ્રી ગાયત્રી વિદ્યા મંદિર ખાતે હિન્દી દિવસ નિમિત્તે વિવિધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે હિન્દી દિવસે નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મુખ્ય મહેમાન તરીકે બેંક ઓફ ઈન્ડિયા - દહેગામ શાખાના મેનેજર શ્રી અનુરાગ કુમાર દ્વારા વિદ્યાર્થીઓને હિન્દી ભાષાનુ વ્યવહારમાં મહત્વ અને કારકિર્દી ઘડતરમાં હિન્દી ભાષાની ઉપયોગીતા વિશે સમજુતી આપવામાં આવી હતી. તથા સપધાઁઓમા વિજેતા થયેલા વિદ્યાર્થીઓ ઈનામ તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા, સાથે સાથે શાળાના દરેક વિદ્યાર્થીઓને રાઈટીંગ પેડ ની સ્મૃતિ ભેટ આપી હતી,

બે બાઈક, એકટીવા અને એકસેસ મળી કુલ ૩.૨.૨૪ લાખના વાહનોની ચોરી

શેરથા થી એકટીવા, સેકટર-૫ બી અને સી માંથી બાઈક તેમજ સિવિલમાંથી એકસેસ ચોરાયું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના કિસ્સામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. રાજયના પાટનગરમાંથી આંતરે દિવસે વાહનો ચોરાય છે. શહેરના ભરચક વિસ્તારમાંથી વાહનચોરી થતી હતી. પરંતુ હવે ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. વાહનચોર ટોળકી વાહનચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકી રહી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગરના શેરથા થી એકટીવા, સેકટર-૫ બી ડીલક્ષ બાઈક, સે-૫ સી માંથી સ્પ્લેન્ડરની ચોરી તેમજ સિવિલમાંથી એકસેસની ચોરી થવા પામી છે. ત્યારે સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી વાહનચોરીના કિસ્સા વધી રહ્યા છે. ત્યારે વાહનચોર ટોળકી ચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના શેરથા ગામે ખેતરમાં રહેતા વિનોદજી કેશાજી ઠાકોર (ઉં.૩૦) ખેતીકામ કરે છે અને પરિવાર સાથે રહે છે. જયારે વિનોદ એકટીવા નં.જી.જે. ૧૮.સી.જી.-૬૪૫૭ નો ઉપયોગ કરતો હતો. જયારે ગત તા.૧૩ ના રોજ રાત્રીના પોણા બે વાગે સઈજ ખાતે ચા પીને ઘરે પરત ફર્યો હતો. તેસમયે એકટીવા મકાનની બાજુમાં બનાવેલ પતરાના શેડ નીચે મુકી વિનોદ સુઈ ગયો હતો. જયારે બીજા દિવસે સવારે ૮ વાગે મકાનની પાછળના ભાગે ગોગા મહારાજના દિવા બત્તી કરવા માટે જતા જોયુ તો શેડ નીચે થી એકટીવાની ચોરી થવા પામી છે. એકટીવા અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હોવા છતા મળી ન આવતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.જયારે એકટીવાની ડેકીમાં એકટીવાની આરસી બુક, વીમાના કાગળો સહિત જરુરી ડોક્યુમેન્ટ પણ હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે રૂ.૨૪ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે બીજા બનાવમાં શહેરના સેકટર-૫ બી ખાતે રહેતા મનિષ વસંતલાલ ભાનુસાલી ગીફટસીટી ખાતે બેંક ઓફ અમેરીકા ખાતે નોકરી કરે છે. જયારે મનિષ તેના મિત્ર મનિષ ભાનુંશાલી (સેકટર-૨સી)નું એચએફ ડીલક્ષ બાઈક નં. જી.જે.૨૩.ડી.બી.-૪૮૨૧ નો ઉપયોગ કરતો હતો. ગઈ તા.૧૪ સપ્ટેમ્બરના રોજ બપોરના સુમારે અઢી વાગે બાઈક ઉપરોકત સરનામે ઘરની આગળ પાર્ક કર્યું હતું. ત્યારબાદ મનિષ ચાર વાગે નોકરી પર ગયો હતો અને રાત્રીના બે વાગે પરત ફરતા જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર મિત્રનું બાઈક મળી આવ્યું ન હતું. બાઈક ચોરી અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા બાઈક મળી નહી આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેકટર-૪ સી પ્લોટ નં. ૬૩૪-૨ ખાતે નિયતિ નાનસિંગ ચૌધરી (ઉં.૨૦) પરિવાર સાથે રહે છે. જયારે નિયતિ માણસાના આજોલ ગામે આવેલ નર્સિંગ કોલેજ ખાતે બીએસસી નર્સિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે તા.૧ સપ્ટેમ્બર થી નિયતિને ક્લીનીકલ પોસ્ટીંગ માટે રોજ આવવાનું થાય છે.

નિયતિને તેના ઉપયોગ માટે અંદાજે રૂ.૧ લાખની કિંમતનું સુઝુકી એકસેસ નં. જી.જે.૧૮.ડી.એન.-૯૨૧૫ લઈ આપ્યું હતું. સેકટર-૪ સી થી સવારે પોણા આઠ વાગે નીકળી ક્લીનીકલ પ્રેકટીસ ચાલતી હોવાથી સવારે ૯ વાગે આવી હતી. એકસેસ સિવિલના પાર્કિંગમાં મુકી ચાવી એકસેસમાં ભુલી ગઈ હતી.જયારે તેણીને હાજરી પુરાવવાની હોવાથી સિવિલના આઈસીયુ વોર્ડમાં જતી રહી હતી. ત્યારબાદ આવીને જોતા પાર્કિંગમાંથી એકસેસની ઉઠાંતરી થવા પામી હતી. બનાવ અંગે નિયતિએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

શહેરના સેકટર-૫ સી પ્લોટ નં.૮૬૫ ખાતે રહેતા સંજયકુમાર બેચરભાઈ પટેલ ઘુંઘટ હોટલની સામે જય અંબે મસાલાની દુકાન ચલાવે છે. જયારે દિકરા કેવીનના ઉપયોગ માટે સંજયભાઈએ હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી. જે. ૧૮. ડી. એચ.- ૯૦૮૮ નો છે. ગઈકાલે કેવીન સચિવાલય તેના મિત્ર મોહીન મનસુરીને મળવા માટે ગયો હતો. ત્યારબાદ કેવીન તેમજ મોહીનના કાકાની સારવાર સિવિલ ખાતે ચાલી રહી હતી. જેથી ખબર અંતર પુછવા માટે ગયા હતા. ત્યારે આઠ વાગે ઘર પાસે વાહન મુકીને જમી પરવારી સુઈ ગયા હતા. જયારે સવારે આઠ વાગે કોલેજ જવાનું હોવાથી પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. બાઈકની ચોરી થવા પામી હતી. ત્યારે ઘર પાસેથી બાઈક ચોરી થતા આસપાસના સેકટરોમાં શોધખોળ કરવા છતા મળી ન આવતા પોલીસે મથકે ફરીયાદ નોંધાવી છે.

૧૮ વર્ષની દિકરી જૂના એક દાયકા પછી ફરીથી સુનાવણી મેળવશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતમાં પ્રથમ ઘટના તરીકે જે દાવો કરવામાં આવી રહ્યો છે તેમાં, અમદાવાદની રહેવાસી એક ૧૮ વર્ષની છોકરી, જે છેલ્લા ૧૨ વર્ષથી દ્વિપક્ષીય ગહન સાંભળવાની ખોટથી પીડાતી હતી, તેણીએ નવા લોન્ચ કરાયેલા કોન્સેર્ટો ૨ સાથે દ્વિપક્ષીય કોકલિયર ઈમ્પ્લાન્ટેશન કરાવ્યું હતું. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૨, (સોમવારે) જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર, ગુજરાત ખાતે ડૉ. નીરજ સુરી અને તેમની ટીમ હેઠળ કોક્લિયર ઈમ્પ્લાન્ટ ડિવાઈસ. ડૉ. વિરજ રાજયમાં સરકારી સહાયિત કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોગ્રામના પ્રણેતાઓમાંના એક છે અને તેમણે સમગ્ર ગુજરાતમાંથી દર્દીઓની ૧૫૦૦ થી વધુ સર્જરીઓ કરી છે. બુધવારે પ્રેસ સાથે વાત કરતાં તેણીએ ખુલાસો કર્યો કે ૧૮ વર્ષની વયની વ્યક્તિ છેલ્લા ૧૨ વર્ષથી ધીમે ધીમે સાંભળવાની ખોટથી પીડાતી હતી જેના કારણે તેના જીવનની ગુણવત્તા અને શૈક્ષણિક કામગીરી પર અસર પડી હતી. પરિવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડૉ. સૂરીની સલાહ લેવાનું નક્કી કર્યા પછી, તેણીએ બંને કાનની શ્રવણશક્તિની ખોટ માટે સંપૂર્ણ મૂલ્યાંકન કરાવ્યું અને તેને દ્વિપક્ષીય કોક્લિયર ઈમ્પ્લાન્ટ સૂચવવામાં આવ્યું. ડો. સુરીના જણાવ્યા અનુસાર, આ પ્રકારના દર્દીઓ પોસ્ટ-લીંગ્યુઅલી બહેરા હોય છે જેમણે જન્મના થોડા વર્ષો પછી સાંભળવાનું ગુમાવી દીધું હોય છે અને તેઓ સામાન્ય રીતે કોક્લીયર ઈમ્પ્લાન્ટ માટે ખૂબ સારા ઉમેદવારો હોય છે. ઑગસ્ટ ૨૦૨૨માં દ્વારા શરૂ કરાયેલ, CONCERTO 2 ઈમ્પ્લાન્ટ દરેક વ્યક્તિ માટે કુદરતી સુનાવણીની સૌથી નજીક સક્ષમ બનાવવા માટે આંતરિક કાન (કોક્લીઆ) ની જટિલ કુદરતી ડિઝાઇન સાથે સૌથી વધુ નજીકથી મેચ કરવા માટે એન્જિનિયર કરવામાં આવ્યું છે. ફ્લેક્સિબલ ઈલેક્ટ્રોડ્સ, સ્ઈં સુસંગતતા, સંપૂર્ણ કોકલિયર કવરેજ અને સર્જરી દરમિયાન સરળ હેન્ડલિંગની તેની વિશિષ્ટ વિશેષતાઓ તેને ભારતીય બજારમાં તેના પ્રકારમાંથી એક બનાવે છે. તેણી હવે ઓડિટરી વર્બલ થેરાપીમાંથી પસાર થશે જે તેને ઈમ્પ્લાન્ટ દ્વારા મળેલા અવાજની આદત પાડવા માટે મદદ કરશે. અમે તેને ભવિષ્યમાં શુભેચ્છા પાઠવીએ છીએ અને આશા રાખીએ છીએ કે ૧૨ વર્ષ પછી સાંભળવાની ભેટ તેના જીવનને સારી આવતીકાલ તરફ બદલી નાખશે જયારે ઓપરેશનમાં એનેથેસીયા ટીમમાં મેડીકલ કોલેજના ડીન ડૉ. શોભના ગુમા, ડૉ. શિતલ અને ડૉ. ચિરાગ હાજર રહ્યા હતા. જયારે ડૉ. નિરજ સુરીએ છેલ્લા બે માસમાં ૪૦ કોકલીયર ઈમ્પ્લાન્ટ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સફળતાપૂર્વક કર્યા છે.

ઉવારસદની આંગણવાડી-૯ માંથી ત્રણ ગેસના બાટલા અને તેલના ડબ્બાની ચોરી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ઉવારસદ ગામની આંગણવાડી-૯ નું મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી ૩ ગેસના બાટલા તેમજ તેલના ડબ્બાની ચોરી થવા પામી છે. આંગણવાડી કર્મચારી મહિલાએ અડાલજ પોલીસ મથકે ૩ ગેસના બાટલા અને તેલનો ડબ્બો મળી કુલ રૂ.૧૦,૫૦૦ ની મત્તાની ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ઉવારસદ બ્રહ્માણી માતાના મંદિર નજીક આંગણવાડી નં-૯ ખાતે સુભદ્રાબેન અલ્પેશકુમાર પારેખ છેલ્લા ૧૨ વર્ષથી તેમજ હેલ્પર તરીકે પાર્વતિ બેન નાયી ફરજ બજાવે છે. જયારે ગત તા.૩ સપ્ટેમ્બરને શનિવારના રોજ આંગણવાડી નં-૯ ખાતે સવારના ૯.૩૦ કલાકે નોકરી પર ગયા હતા. નોકરી પુરી થતા આંગણવાડીનો સામાન મુકી બંધ કરી બપોરે ત્રણ વાગે ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ તા.૧૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૮.૩૦ કલાકે સુભદ્રાબેનના પતિ કલ્પેશભાઈના મોબાઈલ પર રાજુભાઈ નાયકનો (રહે.ઉવારસદ ખાંટવાસ) ફોન આવ્યો હતો અને જણાવ્યું કે આંગણવાડીના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલી હાલતમાં નીચે પડ્યું છે.

જયારે દરવાજો ખુલ્લો પડ્યો છે તેમ કહેતા જ સુભદ્રાબેન પતિ સાથે આંગણવાડી ખાતે પહોંચી ગયા હતા. તે પછી જઈને જોયુ તો આંગણવાડી નં-૯ માંથી ૩ ગેસના બાટલા તેમજ તેલનો ડબ્બો મળી કુલ રૂ.૧૦,૫૦૦ ની મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સચિવાલય સામે નિવૃત લશ્કરી મોરચામાં

એક મહિલા અને માજી સૈનિકની તબિયત બગડતા સારવાર માટે ખસેડાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સચિવાલય ગેટ નં-૧ ની સામે માજી સૈનિકોએ પોતાની ૧૪ પડતર માંગણીઓ મુદે છેલ્લા ત્રણ દિવસથી અડીંગો જમાવ્યો છે. રાજય સરકાર સામે નિવૃત લશ્કરી જવાનોએ રીતસરનો મોરચો માંડ્યો છે. ત્યારે આંદોલનમાં આવેલા એક માજી સૈનિક અને એક મહિલાની તબિયત બપોરના સમયે અચાનક બગડી હતી. ત્યારે બંન્ને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં માજી સૈનિકને સિવિલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સચિવાલયના ગેટ નં.૧ ની સામે નિવૃત લશ્કરી જવાનોએ પોતાની ૧૪ મુદ્દાની લડતને લઈ સરકાર સામે બાંયો ચડાવી છે. માજી સૈનિકો દ્વારા વિવિધ રણનિતીઓ ઘડીને આંદોલનને વેગ આપવામાં આવી રહ્યો છે. ત્યારે રાજયભરમાંથી આંદોલનના સમર્થનમાં નિવૃત લશ્કરી જવાનો, શહીદ પરિવારના સભ્યો ગાંધીનગર દોડીને આવી રહ્યા છે. આંદોલનકારીઓની સંખ્યા દિવસે ને દિવસે ઘટવાની જગ્યાએ વધતી જોવા મળી રહી છે. ત્યારે સચિવાલયની સામે માજી સૈનિકોએ અડીંગો જમાવી હટવાનું નામ લેતા નથી. ત્યારે આજે બપોરના સુમારે અચાનક ૫૫ વર્ષના અનિતાબેન નવીનભાઈ પટેલ અને ૬૦ વર્ષિય મગનભાઈ ડોડીયારની તબિયત બગડી હતી. જેથી આંદોલનના સ્થળે જ ઢળી પડતા તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં મગનભાઈના જરુરી રીપોર્ટ નીકાળી તેમને સારવાર માટે એડમીટ કરવામાં આવ્યા છે.